## -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી., કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત અસારવા બ્રિજ (શ્રી અમરસિંહ ચૌધરી બ્રિજ) ની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૨૨/૨/૨૦૨૫ થી તા.૨૫/૩/૨૦૨૫ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | અસારવા બ્રીજ (શ્રી અમરસિંહ ચૌધરી) બ્રીજની કામગીરી દરમિયાન ત્રણેય છેડા વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | **૧.** દિલ્હી દરવાજા,દરીયાપુર દરવાજા,પ્રેમ દરવાજા તરફથી આવતો ટ્રાફિક ઇદગાહ સર્કલ થઈ ઇદગાહ બ્રીજ (ગીરધરનગર બ્રીજ) નો ઉપયોગ કરી ગીરધરનગર સર્કલ થઈ જમણી બાજુ વળી અસારવા ક્રોસીંગ થઈ અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકાશે.<br>**૨.** સરસપુર,ગોમતીપુર,બાપુનગર તરફથી આવતો ટ્રાફિક અસારવા બ્રીજની નીચે જમણી બાજુથી સાઈડના રોડ થઈ બળીયા લીબડીથી સીવીલ હોસ્પિટલ તરફ તેમજ બળીયા લીબડીથી ડાબી તરફ ગીરધરનગર સર્કલથી ડાબી બાજુ ગીરધરનગર બ્રીજ (બાબુ જગજીવનરામ બ્રીજ) પરથી ઇદગાહ સર્કલ થઈ દરીયાપુર દરવાજા,દિલ્હી દરવાજા,પ્રેમ દરવાજા તરફના અલગ-અલગ માર્ગો તરફ જઈ શકાશે.<br>**૩.** સીવીલ, અસારવા તરફથી આવતો ટ્રાફિક બળીયા લીબડી ચાર રસ્તા જમણી બાજુ વળી ગીરધરનગર ચાર રસ્તા થઈ ઇદગાહ બ્રીજ થઈ અલગ-અલગ માર્ગો તરફ જઈ શકાશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૭/૨/૨૦૨૫**

**( નીરજ કુમાર બડગૂજર )**
i/c. સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર